# જગન રેડ્ડીનો 500 કરોડનો મહેલ જોઈ કેજરીવાલનો શીશમહેલ ભૂલી જશો

**આ** પરિસરને ફક્ત પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ તરીકે મંજૂરી આપવામાં આવી હતી

**જો કે** બાદમાં રાજ્ય સરકારે આ મહેલને રેડ્ડીના વ્યક્તિગત ઉપયોગ માટે રાખ્યો હતો

**જમીન** સમતલ કરવા માટે 95 કરોડ રૂપિયા, પ્લાન્ટેશન આયાત માટે 22 કરોડ અને ઈન્ટિરિયર માટે 33 કરોડ

**25** લાખનું બાથટબ

હૈદરાબાદ, તા. 12: છેલ્લા આઠ મહિનાથી આંધ્રપ્રદેશમાં ચંદ્રાબાબુ નાયડુના નેતૃત્વમાં એનડીએ સરકારે એક મોટા પ્રશ્નનો સામનો કરવો પડ્યો છે: વિશાખાપટ્ટનમમાં રુશિકોંડા ટેકરી પર પૂર્વ મુખ્યમંત્રી વાય. એસ. જગન મોહન રેડ્ડી માટે બનાવવામાં આવેલા 500 કરોડ રૂપિયાના ખાનગી મહેલનું શું કરવું.

આ મહેલમાં ચાર મોટા બ્લોક છે અને તે રુશિકોંડા પર 10 એકરના સપાટ વિસ્તાર પર આવેલો છે, જે સમુદ્રનું સુંદર દૃશ્ય પ્રસ્તુત કરે છે. સત્તાવાર અહેવાલો કહે છે કે એકલા બાંધકામનો ખર્ચ 431 કરોડ રૂપિયા છે. જ્યારે તમે જમીનની કિંમત, માર્ગ, ડ્રેનેજ, પાણી પુરવઠો અને 100 કે. વી. પાવર સબસ્ટેશનનો ઉમેરો કરો છો, ત્યારે કુલ આશરે 500 કરોડ રૂપિયા આવે છે.

વૈભવી સુવિધાઓ પર તેના ભવ્ય ખર્ચને કારણે ટીકાકારો તેને 'દક્ષિણ શીશ મહેલ' કહે છે. રેકોર્ડ દર્શાવે છે કે જમીન સમતલ કરવા માટે 95 કરોડ રૂપિયા, આયાત કરેલા છોડ માટે 22 કરોડ રૂપિયા, સૌંદર્યીકરણ માટે 21 કરોડ રૂપિયા અને વૈભવી ઈન્ટિરિયર માટે 33 કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા હતા. એનડીએ સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલી ચાદી દર્શાવે છે કે અગાઉની વાયએસઆર કોંગ્રેસ પાર્ટીની સરકારે બાથટબ પર 25 લાખ રૂપિયા અને વૈભવી ફિટિંગ પર 5 કરોડ રૂપિયા ખર્ચ કર્યા હતા, જેણે વધુ વિવાદ પેદા કર્યો છે.

એક ભવ્ય વાસ્તુશિલ્પની અજાયબી જે એક સમયે આંધ્રપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી વાય એસ જગન મોહન રેડ્ડીના કાર્યાલય સાથે નિવાસ સ્થાન તરીકે સેવા આપવાનો અંદાજ હતો, તે હવે



રાજકીય તોફાનના કેન્દ્રમાં છે. રૂ. 500 કરોડની કિંમતની આ ભવ્ય મિલકત, પર્યાવરણીય નિયમોના ભંગના આરોપોનો સામનો કરી રહી છે ત્યાં સામાન્ય લોકો જઈ શકતા નથી.

વિશાળ સંકુલની અંદરથી વિશિષ્ટ તસવીરો સામે આવી હતી, જેમાં સોનાની સજાવટ, ઇટાલિયન માર્બલ ફ્લોરિંગ અને સુશોભિત ફર્નિચર સહિત ભવ્ય ઈન્ટીરીયર્સ સામેલ છે. દરિયાકાંઠે આવેલું પર્યટન કેન્દ્ર ઋષિકોન્ડા વિસ્તારમાં આવેલા આ મહેલમાં 10 એકરમાં ફેલાયેલા ચાર વિશાળ બ્લોક્સ સામેલ છે. આ મિલકતમાં વ્યાપક માળખાકીય સુવિધાઓ છે જેમ કે પાકા રસ્તાઓ, ડ્રેનેજ સિસ્ટમ્સ, મોટી માત્રામાં પાણી પુરવઠો અને 100 કેવી પાવર સબસ્ટેશન સામેલ છે જેના કારણે ખર્ચમાં વધારો થયો હતો. આ ભવ્ય માળખાનું બાંધકામ વિવાદમાં ફસાયું છે, જેમાં કોસ્ટલ રેગ્યુલેશન ઝોનના (સીઆરઝેડ) ઘોરણોના ઉલ્લંઘનના આરોપો છે. ટીકાકારોનું કહેવું છે કે ઋષિકોન્ડાના લગભગ 10 ડુંગરોને આ મિલકત બનાવવા માટે ખોદકામ કરવામાં આવ્યા હતા જેનાથી ગંભીર પર્યાવરણીય ચિંતાઓ ઉભી થઈ છે.

સત્તાવાર રેકોર્ડ અનુસાર, કેન્દ્રીય પર્યાવરણ અને વન મંત્રાલયે ફક્ત પ્રવાસન વિકાસ પ્રોજેક્ટ તરીકે 19 મે, 2021 ના રોજ મંજૂરી આપી હતી. જો કે, વિરોધ પક્ષનો આરોપ છે કે અગાઉની વાયએસઆરસીપી સરકારે કાનૂની માર્ગદર્શિકાને અવગણીને મહેલને જગન મોહન રેડ્ડીના વ્યક્તિગત ઉપયોગ માટે રાખ્યો હતો.

વર્તમાન તેલુગુ દેશમ પાર્ટી (ટીડીપી)ની આગેવાની હેઠળની એનડીએ સરકાર હવે આ ભવ્ય એસ્ટેટને ફરીથી ઉપયોગમાં લેવાના પડકારનો સામનો કરી રહી છે. મુખ્યમંત્રી એન ચંદ્રબાબુ નાયડુના વહીવટીતંત્રે જગન મોહન રેડ્ડી પર જાહેર ભંડોળનો ઘોર દુરુપયોગ કરવાનો આરોપ લગાવ્યો છે, અંદાજ છે કે તેના બાંધકામમાં કુલ ખર્ચ રૂ. 600 કરોડથી વધુ હોઈ શકે છે.

# ટ્રમ્પે ટેસ્લા ખરીદી

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કંપનીના સીઈઓ એલોન મસ્ક સાથે ચમકતી લાલ ટેસ્લા ખરીદી હતી, મસ્કે મંગળવારે વ્હાઇટ હાઉસ ડ્રાઇવ વે પર ટ્રમ્પને કાર પસંદ કરવામાં મદદ કરી હતી. આ કાર મસ્કની ઈલેક્ટ્રિક વાહન કંપની માટે સમર્થનના પ્રદર્શનમાં ખરીદવામાં આવી હતી, ટેસ્લા હાલ રાષ્ટ્રપતિના રાજકીય એજન્ડાને આગળ વધારવા માટે મસ્કના કાર્યને કારણે વિરોધનો સામનો કરી રહી છે.

## પેજ 3

### કાલે આમિર 60નો થશે, ત્રણેય ખાન ભેગા થયા

શાહરુખ, સલમાન, અને આમિર ખાનને સાથે જોવા માટે ચાહકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. જો કે, જ્યારે ત્રણેય એક સાથે જોવા મળે છે ત્યારે આવી તકો ભાગ્યે જ જોવા મળે છે. નહીં તો તેઓ ઘણીવાર જોડીમાં જોવા મળે છે. આ દરમિયાન ત્રણેય ખાન એક સાથે જોવા મળ્યા છે. આમિર ખાનના ઘરે શાહરુખ ખાન અને સલમાન ખાન જોવા મળ્યા હતા, જ્યાં સલમાન ખાન આમિર ખાન સાથે ચુસ્ત સુરક્ષા હેઠળ દેખાયા હતા. આ પ્રસંગે શાહરુખ ખાન પણ હાજર રહ્યો હતો. પરંતુ ચાહકો હજી પણ મૂંઝવણમાં છે કે શા માટે ત્રણેય એક સાથે આવ્યા. વાસ્તવમાં આમિર ખાન 14 માર્ચે 60 વર્ષનો થઈ જશે. તેના 60મા જન્મદિવસ પહેલા જ સલમાન ખાન અને શાહરુખ ખાન તેના ઘરે પહોંચી ચૂક્યા છે. ત્યાં તેમણે પોતાના જન્મદિવસની ઉજવણી નજીકના મિત્રો સાથે કરી હતી.

જોકે, શાહરુખ ખાન કડક સુરક્ષા વચ્ચે છૂપાઇને બહાર નીકળી ગયો હતો. તો બીજી તરફ આમિર ખાન સલમાન ખાનને કાર સુધી મુકવા આવ્યો હતો. જો કે ઘણી જગ્યાએ આ મુલાકાત માટે આમિર ખાનનો જન્મદિવસ માનવામાં આવી રહ્યો છે. આ દરમિયાન કહેવાયું છે કે, આમિરે એક ઇફ્તાર પાર્ટી હોસ્ટ કરી હતી, જેના કારણે તેઓ ત્યાં હતા.

### સંજય દત્ત પરિવાર સાથે ફિનલેન્ડમાં વેકેશન માણી રહ્યો છે

મુંબઈ, તા. 12: અભિનેતા સંજય દત્ત, જે છેલ્લે સ્ટ્રીમિંગ ફિલ્મ 'ઘુડચડી'માં જોવા મળ્યો હતો, તે હાલમાં ફિનલેન્ડમાં ઓરોરા બોરિયાલિસના સૌંદર્યનો આનંદ માણી રહ્યો છે.

બુધવારે, સંજય દત્તે તેના ઇન્સ્ટાગ્રામ પર ફિનલેન્ડથી તસવીરો અને વીડિયો શેર કર્યા હતા.

વીડિયોમાં તે ફિનલેન્ડમાં કેટલાક સાથી ભારતીયો સાથે 'હર હર મહાદેવ' અને 'જય ભોલેનાથ'ના નારા લગાવતો જોઈ શકાય છે. તેણે કેપ્શનમાં લખ્યું, ''ભોલેનાથની ઉપસ્થિતિની કોઈ સીમા નથી. ફિનલેન્ડમાં સાથી ભારતીયોને મળવું, નોર્ધન લાઇટ્સનો જાદુ અને મારી સાથે પરિવારનો પ્રેમ, આનાથી વધુ સારું શું હોઈ શકે. જય ભોલેનાથ.'' ગયા વર્ષે ઓક્ટોબરમાં અભિનેતાએ તેની પત્ની માન્યતા દત્ત સાથે ફરી એકવાર લગ્નના ફેરા લીધા હતા. માન્યતા સાથે ફેરા લેતા અભિનેતાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો.

# વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ, ડેઓલીરા ગ્લિસેરિયાએ 120મી વર્ષગાંઠ ઉજવી

**અમારી** પાસે સત્તાવાર દસ્તાવેજો છે જે સાબિત કરે છે કે તેઓ 120 વર્ષના થયા છે: પરિવારનો દાવો

નવી દિલ્હી, તા. 12: 'વિશ્વની સૌથી વૃદ્ધ' વ્યક્તિએ પોતાનો 120મો જન્મદિવસ ઉજવ્યો હતો ત્યારે બ્રાઝિલના પડદાદીના પરિવારે તેમના લાંબા આયુષ્યનું રહસ્ય જાહેર કર્યું છે.

બ્રાઝિલના એક દાદીએ પોતાનો 120મો જન્મદિવસ ઉજવ્યા પછી પોતાને વિશ્વની સૌથી વૃદ્ધ વ્યક્તિ હોવાનો દાવો કર્યો હતો.

ઇટાપેરુનાની ડેઓલીરા ગ્લિસેરિયા પેડ્રો દા સિલ્વાએ 10 માર્ચે સામ્બા નૃત્ય અને લાઇવ બેન્ડ સાથે પોતાનો જન્મદિવસ ઉજવ્યો હતો આ એક મહિલા માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે જેણે બે વિશ્વયુદ્ધો, સામ્રાજ્યોના ઉદય અને પતન અને એક સદીથી વધુના ઇતિહાસને જોયો છે.

મહિલાના પરિવારનું કહેવું છે કે તેમની પાસે સત્તાવાર દસ્તાવેજો છે જે સાબિત કરે છે કે તેમનો જન્મ 10 માર્ચ, 1905ના રોજ પોર્ટિઅનકુલામાં થયો હતો.

જો ચકાસવામાં આવે તો, આ તેમને વિશ્વની સૌથી વૃદ્ધ જીવિત વ્યક્તિ બનાવશે, તેઓ વર્તમાન રેકોર્ડ ધારક, 116 વર્ષીય બ્રાઝિલિયન નન ઇના કેનાબારો લુકાસને પાછળ છોડી દેશે.

તેમનો પરિવાર હવે ગિનિસ વર્લ્ડ રેકોર્ડ્સ સાથે કામ કરી રહ્યો છે જેથી તેમના દાવાને સત્તાવાર રીતે માન્યતા મળી શકે. જો કે સંસ્થાએ હજુ સુધી આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

ઉત્તર પ્રદેશના વૃંદાવનમાં એક મંદિરની અંદર હોળીની ઉજવણીમાં ભાગ લેતી વિધવાઓ

# ફેબ્રુઆરીમાં ફુગાવો RBIના લક્ષ્યાંક 4 ટકાથી નીચે ગયો, ફેક્ટરી ઉત્પાદન વધીને 5 ટકા થયું

**શાકભાજી,** ઈંડા, મીટ, દાળો અને દૂધની કિંમતમાં ઘટાડાના કારણે ફુગાવો નીચે ગયો

**આરબીઆઈ** આગામી મહિને વ્યાજ દરમાં વધુ ઘટાડો કરી શકે

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): ફેબ્રુઆરીમાં ખાદ્ય પદાર્થોના ભાવમાં ઘટાડો થવાથી છૂટક ફુગાવો રિઝર્વ બેંકના સરેરાશ લક્ષ્યાંક 4 ટકાથી નીચે ગયો હતો જ્યારે દેશના ઉત્પાદન ક્ષેત્રે જાન્યુઆરીમાં મુખ્ય ફેક્ટરી ઉત્પાદન સૂચકાંકને 5 ટકા સુધી પહોંચાડ્યો હતો, એમ સરકારે બુધવારે જાહેર કરેલા આંકડા દર્શાવે છે.

ફુગાવામાં તીવ્ર ઘટાડાને કારણે 9 એપ્રિલે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઈ) દ્વારા ફરીથી દર ઘટાડાની શક્યતા વધી ગઈ છે. જો આરબીઆઈ આવતા મહિને દર ઘટાડે છે, તો તે બે મહિનામાં બીજો દર ઘટાડો હશે.

ઈંડા અને અન્ય પ્રોટીનયુક્ત વસ્તુઓના ભાવમાં ઘટાડો થવાને કારણે ફેબ્રુઆરીમાં ગ્રાહક ભાવ સૂચકાંક (સીપીઆઈ) આધારિત છૂટક ફુગાવો 3.61 ટકાના સાત મહિનાના નીચલા સ્તરે પહોંચી ગયો હતો, જેના પગલે આરબીઆઈ આગામી મહિને વ્યાજ દરમાં વધુ ઘટાડો કરી શકે છે.

જાન્યુઆરીમાં મુખ્ય ફુગાવો 4.26 ટકા અને ફેબ્રુઆરી 2024માં 5.09 ટકા હતો. જુલાઈમાં અગાઉનો સૌથી નીચો ફુગાવો જોવા મળ્યો હતો.

નવેમ્બર 2024થી સીપીઆઈ, આરબીઆઈના કમ્ફર્ટ ઝોનમાં છે.

રિટેલ ફુગાવો 4 ટકા (2 ટકા વધુ અથવા ઓછો) પર રહે તે સુનિશ્ચિત કરવાનો આદેશ આરબીઆઈને છે, તેણે ફુગાવાના મોરચે ચિંતાઓને હળવી કરવા માટે ગયા મહિને ટૂંકા ગાળાના ધિરાણ દરમાં (રેપો) 25 બેસિસ પોઈન્ટનો ઘટાડો કર્યો હતો.

કેન્દ્રીય બેંક 9 એપ્રિલના રોજ દ્વિમાસિક નાણાકીય નીતિની જાહેરાત કરવાની છે.ફેબ્રુઆરીમાં મુખ્ય ફુગાવા અને ખાદ્ય ફુગાવામાં નોંધપાત્ર ઘટાડાનું કારણ શાકભાજી, ઈંડા, મીટ અને માછલી, દાળો અને દૂધ અને તેના ઉત્પાદોની કિંમતમાં ઘટાડો હતું.

# ભારત-મોરેશિયસ વચ્ચે 8 કરાર થયા, મોદીએ મહાસાગર વિઝન જાહેર કર્યું

**મુક્ત,** ખુલ્લું અને સુરક્ષિત હિંદ મહાસાગર ભારત અને મોરેશિયસની સામાન્ય પ્રાથમિકતા: મોદી

પોર્ટ લુઈસ, તા. 12 (પીટીઆઈ): ભારત અને મોરેશિયસે બુધવારે તેમના સંબંધોને 'વિકસીત વ્યૂહાત્મક ભાગીદારી' સુધી વધાર્યા હતા અને દરિયાઈ સુરક્ષા સહિત અનેક ક્ષેત્રોમાં સંબંધોને વેગ આપવા અને સ્થાનિક ચલણમાં વેપારને પ્રોત્સાહન આપવા માટે આઠ કરારો પર હસ્તાક્ષર કર્યા, જ્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગ્લોબલ સાઉથના વિકાસ અને સુરક્ષા માટેના મહત્વાકાંક્ષી વિઝન જાહેર કર્યું.

મોરેશિયસની તેમની બે દિવસની મુલાકાતના બીજા અને અંતિમ દિવસે, મોદીએ મુખ્ય અતિથિ તરીકે ટાપુ દેશના રાષ્ટ્રીય દિવસની ઉજવણીમાં હાજરી આપી અને વ્યૂહાત્મક રીતે સ્થિત દેશ માટે વિકાસ પ્રોજેક્ટ્સની જાહેરાત કરી.

મોરેશિયસના તેમના સમકક્ષ નવીનચંદ્ર રામગુલામ સાથેની વાતચીત બાદ, મોદીએ ગ્લોબલ સાઉથ માટે ભારતના નવા વિઝનની જાહેરાત કરી અને તેને 'મહાસાગર' (મ્યુચલ એન્ડ હોલિસ્ટીક એડવાન્સમેન્ટ ફોર સિક્યુરીટી એન્ડ ગ્રોથ એક્રોસ રિજન્સ, 'પ્રાદેશિક સુરક્ષા અને વિકાસ માટે પરસ્પર અને સંપૂર્ણ પ્રગતિ') નામ આપ્યું, જે એક નીતિગત અભિગમ છે જે હિંદ મહાસાગરમાં પોતાના પ્રભાવને વિસ્તૃત કરવાના ચીનના પ્રયાસોની પૃષ્ઠભૂમિમાં સામે આવ્યો છે.

'અમે મોરેશિયસના વિશિષ્ટ આર્થિક ક્ષેત્રની સુરક્ષામાં સંપૂર્ણ સહકાર કરવા માટે વચનબદ્ધ છીએ, એમ વડા પ્રધાને કહ્યું હતું.

વડા પ્રધાને કહ્યું હતું કે મુક્ત, ખુલ્લું અને સુરક્ષિત હિંદ મહાસાગર ભારત અને મોરેશિયસની સામાન્ય પ્રાથમિકતા છે અને તેઓ અને રામગુલામ સુરક્ષા સહકાર અને દરિયાઈ સુરક્ષા બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક ભાગીદારીનો મહત્વપૂર્ણ ભાગ છે.

બંને પક્ષો સંયુક્ત દરિયાઈ દેખરેખ અને હાઈડ્રોગ્રાફિક સર્વેક્ષણ માટે દરિયાઈ સહયોગ વધારશે જેમાં જહાજો અને વિમાનોની તૈનાતી વધારવામાં આવશે.

# ભારત અમેરિકાના દારૂ પર 150 ટકા ટેરિફ લગાવે છે: વ્હાઈટ હાઉસ પ્રેસ સેક્રેટરી

**ભારત** કૃષિ ઉત્પાદનો પર 100 ટકા જ્યારે જાપાન ચોખા પર 700 ટકા જકાત લગાવે છે

ન્યૂયોર્ક-વોશિંગ્ટન, તા. 12 (પીટીઆઈ): અમેરિકાએ ફરી એકવાર ભારત દ્વારા તેના માલ પર લાદવામાં આવતા ટેરીફનો મુદ્દો ઉઠાવ્યો, જેમાં અમેરિકન દારૂ અને કૃષિ ઉત્પાદનો પર ઊંચા ટેરીફનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટે મંગળવારે એક પત્રકાર પરીષદ દરમિયાન કેનેડા પરના એક પ્રશ્નનો જવાબ આપતા ભારત દ્વારા ઊંચા ટેરીફનો ઉલ્લેખ કર્યો હતો.

'કેનેડા દાયકાઓથી અમેરિકા અને મહેનતુ અમેરિકનોને છેતરતું રહ્યું છે. જો તમે કેનેડિયનો અમેરિકન લોકો અને અહીંના અમારા કામદારો પર લાદવામાં આવતા ટેરીફના દરો જુઓ, તો તે ભયંકર છે. હકીકતમાં, મારી પાસે અહીં એક સરળ ચાર્ટ છે જે ફક્ત કેનેડા જ નહીં, પરંતુ વિશ્વભરના દેશોના ટેરીફના દર દર્શાવે છે. જો તમે કેનેડા જુઓ - અમેરિકન ચીઝ અને માખણ, લગભગ 300 ટકા વેરો એમ તેમણે કહ્યું.

'ભારતને જુઓ, અમેરિકન દારૂ પર 150 ટકા વેરો. તમને લાગે છે કે તે કેન્ટુકી બોર્બોનને ભારતમાં નિકાસ કરવામાં મદદ કરી રહ્યું છે? મને એવું નથી લાગતું. ભારતમાં કૃષિ ઉત્પાદનો પર 100 ટકા ટેરીફ. જાપાનને જુઓ, ચોખા પર 700 ટકા ટેરીફ લાદવામાં આવી રહ્યો છે', એમ તેમણે કહ્યું.

લેવિટે એક ચાર્ટ પકડ્યો હતો જેમાં ભારત, કેનેડા અને જાપાન દ્વારા લાદવામાં આવતા ટેરિફ દર્શાવવામાં આવ્યા હતા. ચાર્ટ પર, ત્રિરંગા રંગના બે વર્તુળો ભારત દ્વારા લાદવામાં આવતા ટેરીફને દર્શાવતા હતા.

પ્રમુખ ટ્રમ્પ છેલ્લા કેટલાક દિવસોથી ભારત દ્વારા વસૂલવામાં આવતા ઊંચા ટેરીફની ટીકા કરી રહ્યા છે.

ટ્રમ્પે શુક્રવારે કહ્યું હતું કે ભારત તેના ટેરિફ ઘણા અંશે ઘટાડવા સંમત થયું છે, જ્યારે તેમણે પોતાના વાતને પુનરાવર્તિત કરી હતી કે ભારત અમેરિકા પર ભારે વેરો લગાવે છે.

# 128 નવા ચંદ્રો સાથે શનિ ગુરુની સ્પર્ધામાં વિજેતા

નવી દિલ્હી: સૂર્ય મંડળના ગ્રહોમાં ચંદ્રની સંખ્યાના મામલે 128 નવા ચંદ્રો મળી આવતા શનિનો ગુરુના ગ્રહ સાથે વિજય થયો છે.

વિજ્ઞાનીઓની એક ટૂકડીએ શનિ ફરતે ઘૂમતા 128 નવા ચંદ્રો શોધી કાઢ્યા હોવાથી ઈન્ટરનેશનલ એસ્ટ્રોનોમિકલ યુનિયને જાહેર કર્યું છે.

આ સાથે શનિને કુલ 274 ચંદ્ર હોવાનું સ્થાપિત થયું છે જયારે ગુરુને 95 ચંદ્ર છે.

શનિના મોટા ભાગના ચંદ્રો થોડાક કિલોમીટર મોટા અને અનિયમિત ગતિ કરતા બટાકા આકારના છે અને તે સૌર મંડળના પ્રારંભિક કાળમાંશનિનાં ગુરુત્વાકર્ષણમાં ફસાયા હોઈ શકે.

જાપાનના મિયાગી પ્રીફેકચરના નાતોરીમાં સુનામી અને પરમાણુ આપત્તિ સર્જાવનાર 9ની તીવ્રતાના ભૂકંપની 14મી વરસી નિમિત્તે લોકો કબૂતરના આકારના ફુગ્ગાઓ હવામાં છોડે છે.


The Surat District Muslim Education Society
MINORITY INSTITUTION
Anglo Urdu High School Compound, Sodagarwad,
SURAT-395 003 Gujarat
(0261) 2419797-8141216000
Website: www.sdmes.org - E-mail sdmes_surat@yahoo.co in

Ref. No.: 547 Date: 12-03-2025

**ખાસ સામાન્ય સભા**

મોહતરમ જનાબ,

અસ્સલામુ અલયકુમ,

સલામ બાદ જણાવવાનું કે સોસાયટીની ખાસ સામાન્ય સભા તારીખ ૨૭-૦૪-૨૦૨૫ રવિવારના રોજ સવારે ૦૯:૩૦ કલાકે ધી સુરત ડિસ્ટ્રીક્ટ મુસ્લિમ એજ્યુકેશન સોસાયટીનાં કંપાઉન્ડમાં મળશે. જેમાં આપને સમયસર હાજર રહેવા વિનંતી છે.

:: એજન્ડા ::

૧. સોસાયટીના ગત તારીખ ૧૦/૧૨/૨૦૨૩ની વાર્ષિક સભાની મીનીટ્સની મંજૂરી.
૨. આ સભામાં સોસાયટીના બંધારણની અમુક કલમોમાં ફેરફાર કરી મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરાશે. સોસાયટીનું બંધારણ, તેમાં કરવા સુચવેલા ફેરફાર અને બંધારણમાં ફેરફાર બાદની સુધારેલી કલમોનો ખરડો આ સાથે સામેલ છે. આપ મીટીંગમાં આવો ત્યારે આ ખરડો અચુક સાથે લાવવા વિનંતી છે.
૩. સોસાયટી દ્વારા ઉન મુકામે ખરીદેલ જમીનની રકમ રૂપિયા ૫,૫૦,૦૦,૦૦૦/- (પાંચ કરોડ પચાસ લાખ પુરા) ચુકવણી માટેનો કોર્ટ કેસ ચાલતો હોય તે બાબત ચર્ચા વિચારણા કરવા બાબત.
૪. પ્રમુખ સ્થાને થી રજૂ થાય તે.

મુલ્લા અબ્દુલહય અબ્દુલઅઝીઝ
માનદમંત્રી

નોંધ : ૧. કોરમના અભાવે મુલતવી રહેલી સભા એજ તારીખે અને એજ સ્થળે નિયત સમય બાદ અડધા કલાકે યોજાશે.
૨. સભ્યોએ વાંધા/સૂચનો ખાસ સામાન્ય સભાનાં ૧૦ (દસ) દિવસ પહેલા એટલે કે તારીખ ૧૭/૪/૨૦૨૫ સુધી લેખીતમાં સોસાયટીની ઓફિસમાં ઓફિસ સમય દરમ્યાન રજુ કરવાનાં રહેશે. લેખીત વાંધા /સૂચનો પર જ ચર્ચા વિચારણા કરવામાં આવશે.